પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૫ | ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧, શનિવાર; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજથી દેશમાં વેક્સિનેશનના શ્રીગણેશ

**વડાપ્રધાન મોદી આજે સમગ્ર દેશમાં કોરોના રસીકરણ શરૂ કરાવશે : વિશ્વના સૌથી મોટા રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ થશે, પ્રથમ દિવસે ૩,૦૦,૬૦૦ લોકોને રસી અપાશે, ૧.૬૫ કરોડનો ડોઝ દેશભરના ૩૦૦૬ કેન્દ્રો પર પહોંચી ગયો : તમામ રાજ્યોનાં ૩૦૦૦થી વધુ કેન્દ્રોને ડિજિટલ માધ્યમથી કનેક્ટ કરાશે, રસીકરણને લગતા કોઈપણ પ્રશ્નના સમાધાન માટે ૧૦૭૫ હેલ્પલાઈન શરૂ**




ન્યુ દિલ્હી,તા.૧૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં ૧૬ જાન્યુઆરીએ વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા કોવિડ-૧૯ સામેના રસીકરણને શરૂ કરાવશે ભાગીદારી'ની સાથે કોરોના સામેનો રસીકરણનો વિશ્ર્વનો સૌથી મોટો કાર્યક્રમ ૧૬ જાન્યુઆરીએ શરૂ કરવા માટે બધી પૂર્વતૈયારી થઈ ગઈ છે. કોવિડ-૧૯ વિરુદ્ધ રસીકરણ અભિયાનના પ્રથમ દિવસે ૨,૯૩૪ કેન્દ્રો પર લગભગ ત્રણ લાખ આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવશે. ૫૦૦૦ થી

**ભારતના ૮૦ ટકા લોકો વેક્સિન લેવા માટે તૈયાર છે : યુકેમાં ૬૬, જર્મનીમાં ૬૨, યુએસમાં ૫૯, રુસમાં ૪૦% વેક્સિન લગાવવા ઇચ્છુક એડલમેનપીઆર ટ્રસ્ટ બારોમિટર સર્વે ૨૦૨૧નો ૨૮ દેશમાં સર્વે**

અને દેશના બધા રાજ્ય તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્વદેશી બનાવટની બે રસી આપવાનું શરૂ થશે.

વડા પ્રધાનની ઑફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'જન

વડા પ્રધાન દેશભરમાં ૧૬ જાન્યુઆરીએ સવારે ૧૦.૩૦ વાગ્યે રસીકરણનો આ કાર્યક્રમ વીડિયો કૉન્ફરન્સિંગથી શરૂ કરાવશે.

૧૬ જાન્યુઆરીએ દેશમાં વધુ કેન્દ્રો પર રસીકરણ કરવામાં આવશે. દરેક રસીકરણ સત્રમાં વધુમાં વધુ ૧૦૦ લાભાર્થીઓ રહેશે. તેમના આરોગ્ય કર્મચારીઓના આંકડા અનુસાર

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના રસીથી નપુંસકતા આવતી નથી: આરોગ્ય પ્રધાનની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી,તા.૧૫

૧૬ જાન્યુઆરીના શનિવારથી દેશવ્યાપી કોરોના રસીકરણ ઝુંબેશ શરૂ થવાની છે તે પૂર્વે રસીને લગતી અમુક અફવાઓ અને ભ્રમણાનું કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો. હર્ષવર્ધને ખંડન કર્યું છે અને સ્પષ્ટતા કરી છે. અમુક દિવસો પહેલાં એવી અફવા ઊડી હતી કે કોરોના રસી લીધા બાદ પુરુષો અને સ્ત્રીઓમાં નપુંસકતા આવી જશે. ડો. હર્ષવર્ધને ટ્વિટર મારફત સ્પષ્ટતા કરી છે કે હજી સુધી એવો કોઈ પણ વૈજ્ઞાનિક પુરાવો મળ્યો નથી જેમાં એવું માલૂમ પડ્યું હોય કે કોરોના વેક્સિન લેવાથી મહિલાઓ કે પુરુષોમાં નપુંસકતા આવી શકે છે. આ પ્રકારની કોઈ પણ અફવા પર લોકોએ ધ્યાન આપવું નહીં અને માત્ર સત્તાવાર સ્રોતો પર જ વિશ્વાસ કરવો. ડો. હર્ષવર્ધને આ ખુલાસાની સાથે એક ગ્રાફિક પણ શેર કર્યું છે. જેમાં તેમણે લખ્યું છે કે કોવિડ-૧૯ રસી લીધા બાદ હળવો તાવ આવવા જેવી, ઈન્જેક્શન લીધાની જગ્યાએ સહેજ દુખાવો થવો અને શરીરમાં કળતર જેવી અમુક આડઅસરો થઈ શકે છે, પણ એને કોરોનાનો ચેપ લાગ્યો છે એવું સમજી લેવું નહીં. આ આડઅસરો પણ કામચલાઉ જ હોઈ શકે છે. અન્ય રસીઓ લેતી વખતે પણ આવું થતું હોય છે.

# WHOની ટીમને ચીને ક્વોરેન્ટાઈન કરી

**વુહાનમાં કોરોનાના મૂળને શોધવા ગઈ હતી : ટીમના બધા સભ્યોની મુસાફરી પહેલા તેમના ગૃહ દેશોમાં અનેક પીસીઆર તેમજ એન્ટીબોડી ટેસ્ટ થયા હતા**

વુહાન,તા.૧૫

કોરોના વાયરસની ઉત્પત્તિ શોધવા માટે વિશ્વ આરોગ્ય સંગઠનની ટીમ ચીનના વુહાન પહોંચી ગઈ છે. ચીન પહોંચતા જ આ વૈજ્ઞાનિકોને ૧૪ દિવસ માટે ક્વારન્ટાઈન કરી દેવાઈ છે. ૧૫ સભ્યોની આ ટીમના બે વૈજ્ઞાનિકોને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સિંગાપોરમાં જ રોકી દેવાયા છે. જોકે, એક વર્ષ પછી વૈજ્ઞાનિકોના પ્રવાસથી કોઈ મોટો ખુલાસો થવા અંગે દુનિયાભરના દેશોએ શંકા વ્યક્ત કરી છે. દરમિયાનમાં, હાલના દિવસોમાં ચીનમાં ફરીથી કોરોનાના કેસો ઝડપથી વધ્યા છે. ડબલ્યુએચઓએ એક ટ્વીટમાં કહ્યું કે, કોવિડ-૧૯ માટે જવાબદાર વાયરસની ઉત્પત્તિની તપાસ કરી રહેલા ૧૩ વૈજ્ઞાનિકોનું આંતરાષ્ટ્રીય દળ આજે ચીનના વુહાન પહોંચી ગયું. આ ટીમ તાત્કાલિક પોતાનું કામ શરૂ કરશે અને આંતરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે બે સપ્તાહના ક્વાન્ટાઈન પીરિયડમાં રહવાના નિયમનું પાલન કરી આ સમય પૂરો કરશે.



## કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દી પણ સંક્રમણ ફેલાવી શકે : બ્રિટિશ વૈજ્ઞાનિકો

**અભ્યાસ અનુસાર પ્રથમ વખત ચેપ લાગ્યા બાદ ઓછામાં ઓછા ૫ મહિના સુધી તેની રોગપ્રતિકારક શક્તિ હોય છે**

લંડન,તા.૧૫

બ્રિટિશ વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે કોરોના વાયરસથી સાજા થયેલા દર્દીઓ પણ આ ચેપ અન્ય લોકો સુધી પહોંચાડી શકે છે. ગુરુવારે બ્રિટનમાં પ્રસિદ્ધ થયેલા સત્તાવાર અભ્યાસના પરિણામો કહે છે કે પહેલા થયેલું કોવિડ-૧૯નું સંક્રમણ ઓછામાં ઓછા પાંચ મહિના સુધી રોગપ્રતિકારક શક્તિ આપી શકે છે. બ્રિટિશ વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે કોરોના વાયરસથી સાજા થયેલા દર્દીઓ પણ આ ચેપ અન્ય લોકો સુધી પહોંચાડી શકે છે. બ્રિટનમાં પ્રસિદ્ધ થયેલા સત્તાવાર અભ્યાસના પરિણામો કહે છે કે પહેલેથી જ કોઈને કોવિડ-૧૯નું સંક્રમણ હોય તો ઓછામાં ઓછા પાંચ મહિના સુધી રોગપ્રતિકારક શક્તિ મળે છે.

## ખેડૂતો ઘમંડી સરકાર સામે હક માટે સત્યાગ્રહ કરે છે : રાહુલ

**ખેડૂતોને ઈંધણના ભાવના મુદ્દે બહાર આવવા અપીલ : કોંગી નેતા રાહુલ ગાંધીએ ટ્વિટર પર કોંગ્રેસના કેમ્પેઈન સ્પીકઅપ ફોર કિસાન અધિકારમાં જોડાવા અપીલ કરી**

નવી દિલ્હી, તા. ૧૫

મોદી સરકાર સામે ખેડૂતોના સત્યાગ્રહમાં



સહયોગ આપવા માટે અપીલ કરતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે જણાવ્યું કે, ખેડૂતોના ચાલી રહેલા વિરોધ પ્રદર્શન તેમજ ઈંધણના વધી રહેલા ભાવના મુદ્દે લોકોએ ખુલીને બહાર આવવાની જરૂર છે. કોંગ્રેસ દ્વારા આ દિવસને કિસાન અધિકાર દિવસ તરીકે મનાવી રહ્યો છે અને તે તમામ રાજ્યોના પાટનગરમાં વિરોધ પ્રદર્શન સાથે કૂચ યોજશે.

રાહુલ ગાંધીએ ટ્વિટર પર કોંગ્રેસ પાર્ટીના કેમ્પેઈન સ્પીકઅપફોરકિસાનઅધિકારમાં જોડાવા અપીલ કરતા કહ્યું કે, દેશના ખેડૂતો ઘમંડી મોદી સરકાર સામે પોતાના હક માટે સત્યાગ્રહ કરી રહ્યા છે. સમગ્ર દેશ કિસાનો પર થઈ રહેલા અત્યાચારો અને પેટ્રોલ-ડિઝલના ભાવવધારા સામે અવાજ ઉઠાવી રહ્યો છે. તમે પણ આ ચળવળમાં

# આગામી બેઠક અંતિમ હશે : ખેડૂતો

## ભૂપિન્દરસિંહ માન સુપ્રીમ કોર્ટની કમિટિથી અલગ થયા

કિસાન આંદોલનને લઈને બનાવવામાં આવેલી સુપ્રીમ કોર્ટના ચાર સભ્યોની કમિટીમાંથી ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય અધ્યક્ષ અને અખિલ ભારતીય કિસાન સમન્વય સમિતિના અભ્યસ ભુપિન્દર સિંહ માને ખુદને અલગ કરી લીધા છે. હકીકતમાં ભુપિન્દર સિંહ માનના નામ પર શરૂઆતથી વિવાદ થઈ રહ્યો હતો. આંદોલન કરી રહેલા કિસાનોનું કહેવું હતું કે ભુપિન્દર સિંહ માન પહેલા જ ત્રણેય કૃષિ કાયદાનું સમર્થન કરી ચુક્યા છે. ભુપિન્દર સિંહ માને સમિતીમાં સામેલ કરવા માટે સુપ્રીમ કોર્ટનો આભાર વ્યક્ત કર્યો. તેમણે આગળ લખ્યું કે, એક કિસાન અને સંગઠનનો નેતા હોવાને નાતે હું કિસાનોની ભાવના જાણુ છું. હું મારા કિસાન અને પંજાબ પ્રત્યે વફાદાર છું. તેના હિતોમાં કોઈ સમજુતી ન કરી શકું. હું તે માટે કોઈપણ મોટા પદ કે સન્માનની બલી ચઢાવી શકુ છું. હું કોર્ટ તરફથી આપવામાં આવેલી જવાબદારી ન નિભાવી શકુ. હું ખુદને કમિટીમાંથી અલગ કરુ છું.

**સરકારથી હવે વધારે આશા નથી : કૃષિ કાયદા અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા એક પેનલ બનાવવામાં આવી છે અને કદાચ ૧૯ જાન્યુઆરીએ પ્રથમ બેઠક યોજશે**

નવી દિલ્હી,તા.૧૫

નવા કૃષિ બિલને લઈને છેલ્લા ઘણા દિવસોથી વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ કહ્યું છે કે તેઓ ૧૫ જાન્યુઆરીએ સરકાર સાથેની નવમાં રાઉન્ડની વાતચીતમાં ભાગ લેશે અને આ સાથે તેમણે સંકેત આપ્યો છે કે કદાચ સરકાર સાથેની તેમની આ અંતિમ બેઠક હશે. આ ઉપરાંત તેમણે કહ્યું છે કે તેમને સરકાર પાસેથી કોઈ આશા રહી નથી કેમ કે તેઓ નવા કૃષિ કાયદા પાછા લેવામાં આવે તેના સિવાય બીજુ કોઈ સમાધાન ઈચ્છતા નથી. કૃષિ કાયદા અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા એક પેનલ બનાવવામાં આવી છે અને તેઓ કદાચ ૧૯ જાન્યુઆરીએ પ્રથમ બેઠક યોજશે. જ્યારે શુક્રવારે સરકાર સાથેની ખેડૂતોનું બેઠક અંતિમ બની શકે છે. ભારતીય કિસાન યુનિયનના જોગિન્દર સિંહ ઉગ્રહાને જણાવ્યું હતું કે, અમે આવતીકાલે સરકાર સાથે વાતચીત કરીશું. અમને શુક્રવારની બેઠકમાંથી કોઈ આશા નથી. સરકાર આ મુદ્દાઓને ઉકેલવા માટેની ઈચ્છા ધરાવતી નથી. યુનિયનો કોઈ પણ સમિતિ ઈચ્છતા નથી તેમ જણાવતા તેમણે કહ્યું હતું કે અમે ફક્ત એટલું ઈચ્છીએ છીએ કે સરકાર ત્રણેય કૃષિ કાયદા પાછા લઈ લે અને અમારા પાક માટે ટેકાના ભાવની કાયદાકિય ખાતરી આપે. તેમણે કહ્યું હતું કે, જ્યાં સુધી ખેડૂતોની માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન બંધ થશે નહીં.

## આ વર્ષે પ્રજાસત્તાક દિવસે કોઈ મુખ્ય અતિથિ નહીં હોય

નવી દિલ્હી,તા.૧૫

ભારતના ૭૨મા પ્રજાસત્તાક દિવસે આ વર્ષે કોઈ પણ દેશના રાષ્ટ્ર પ્રમુખ અતિથિ તરીકે હાજર રહેશે નહીં. વિદેશ મંત્રાલયે નિવેદન જારી કરતા કહ્યું છે કે કોરોના વાયરસના કારણે આ વર્ષે પ્રજાસત્તાક દિવસે મુખ્ય અતિથિના રૂપમાં કોઈ વિદેશી રાષ્ટ્ર પ્રમુખ કે સરકારના વડાને આમંત્રિત નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લા ૫૫ વર્ષમાં આ પ્રથમ પ્રસંગ છે જ્યારે ભારતનો ગણતંત્ર દિવસ મુખ્ય અતિથિ વગર ઉજવવામાં આવશે. આ વર્ષે ભારતે પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમ માટે બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જ્હોનસનને મુખ્ય અતિથિ બનાવ્યા હતા પરંતુ બ્રિટનમાં કોરોનાની વકરી રહેલી પરિસ્થિતિને જોતા પોતાનો ભારત પ્રવાસ રદ કરી દીધો છે. હાલમાં સમગ્ર વિશ્વ કોરોના સામે લડી રહ્યું છે તેવામાં કોઈ નવા રાષ્ટ્ર પ્રમુખ કે વડાપ્રધાનને આમંત્રણ આપવાનું કાર્ય સરળ ન હતું. તેથી સરકારે આ વર્ષે કોઈ મુખ્ય અતિથિ વગર જ ગણતંત્ર દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લીધો છે.

## અમારા ધૈર્યની પરીક્ષા ન લો : સેના દિવસ પર નરવણેનો ચીનને સંદેશ

**અમે નાપાક ઇરાદાઓને સફળ નહીં થવા દઈએ: સેનાધ્યક્ષ**

ન્યુ દિલ્હી,તા.૧૫

સેના દિવસે ભારતીય સેનાના સેનાધ્યક્ષ મનોજ મુકુંદ નરવણેએ ચીન અને પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ અમારા ધૈર્યની પરીક્ષા ન લે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સ્થિત કરિયપ્પા પરેડ ગ્રાઉન્ડમાં પરેડનું નિરીક્ષણ અને સૈનિકોને તેમની વીરતા માટે સન્માનિત કર્યા બાદ નરવણેએ એક સંબોધનમાં બંને પાડોશી દેશોની નાપાક હરકતો અંગે ટિપ્પણી કરી હતી.

સેનાધ્યક્ષે કહ્યુ કે ગત વર્ષ આપણા માટે ખૂબ જ પડકારભર્યું રહ્યું હતું. ઉત્તરની સરહદો પર ચીન સાથે ચાલી રહેલા તણાવથી તમે પરિચિત છો. એક તરફી બદલાવના ષડયંત્રનો ઝડબાતોડ જવાબ આપવામાં આવ્યો છે.




## યૂકેથી દિલ્હી આવતા તમામ ૧૪ દિવસ ક્વૉરન્ટાઈન

નવી દિલ્હી,તા.૧૫

દિલ્હી સરકારએ યૂનાઈટેડ કિંગડમથી દિલ્હી આવનારા રહેવું પડશે. દિલ્હી સરકારે આ નિર્ણય કોરોના વાયરસનાં નવાં સ્ટ્રેનનાં વધતા સંક્રમણને જોતા છે. અને તે બાદ પછી ત્યાંથી હવાઈ યાત્રીઓને મંજૂરી આપવામાં આવી છે. પહેલી જ

**દિલ્હી સરકારે યુકેથી આવતા તમામ યાત્રીઓ માટે નિર્દેશ જારી કર્યા**

યાત્રીઓ માટે નિર્દેશ જારી કર્યા છે. હવે ૩૧ જાન્યુઆરી સુધીમાં જે પણ યાત્રીઓ યૂકેથી દિલ્હી આવશે, તેમને ૧૪ દિસ સુધી ક્વૉરન્ટીન કર્યો છે. આપને યાદ અપાવી દઈએ કે, કેન્દ્ર સરકારે યૂકે આવતી જતી તેની ફ્લાઈટ્સ પર એક અઠવાડિયાની રોક લગાવી દીધી ફ્લાઈટમાં આવેલાં મુસાફરોમાં ત્રણ યાત્રીઓ નવાં સ્ટ્રેનથી સંક્રમિત મળ્યાં. હવે કેજરીવાલ સરકારે સંક્રમણને રોકવાનાં ઉપાય મુજબ યૂકેથી આવનારા દરેક યાત્રીઓને અનિવાર્ય રૂપથી ૧૪ દિવસ માટે ક્વૉરન્ટીનમાં મોકલવાની તારીખ ૩૧ જાન્યુઆરી સુધી વધારી દીધી છે.




